**શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય**
રાષ્ટ્રીય પ્રવક્તા, એ.આઈ.સી.સી અને ધારાસભ્ય, અબડાસા
http://www.shaktisinhgohil.com

**અખબારીયાદી** **તા. ૩૧.૦૩.૨૦૧૬**

# "જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર કાયદા"માં સુધારો ગેરબંધારણીય અને અન્યાયકર્તા

ગુજરાત વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ કરી નાંખીને "જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર કાયદા"ને ગુજરાત સુધારા વિધેયક તરીકે સુધારીને પોતાના અધિકારથી વિરુદ્ધ તથા ગુજરાતની જનતાને સંપૂર્ણ અન્યાયકર્તા વિધેયક પસાર કર્યું છે. માણસને પોતાની વસ્તુ વેચવી કે ન વેચવી તે પોતાનો અધિકાર છે. આ વાતને ધ્યાને લઈને તેમજ જમીન સંપાદનનો જૂનો કાયદો લેન્ડ એક્વીઝેશન એક્ટ, ૧૮૯૪ એ ૧૦૦ વર્ષ કરતાં વધુ જૂનો અને અંગ્રેજોના સમયનો છે તેમ કહીને નામદાર સુપ્રિમ સુપ્રિમ કોર્ટે રામાસ્વામી વિરુદ્ધ બેંગ્લોર ડેવલપમેન્ટ ઓથોરીટીના કેસમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, લો કમિશન અને પાર્લામેન્ટ એક સદી કરતાં વધારે જૂનો અન્યાયકર્તા કાયદો સુધારે. સુપ્રિમ કોર્ટના જજમેન્ટ પછી કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકારે જમીન સંપાદનનો જૂનો કાયદો રદ્દ કરીને લોકોની જમીન જ્યારે પણ સંપાદન થાય ત્યારે જમીન ધરાવનાર વ્યક્તિને પૂરેપૂરો ન્યાય મળે, પૂરૂં વળતર મળે, તેનું પુનઃસ્થાપન અને પુનઃવસન થાય તેમજ સમગ્ર પ્રક્રિયા પારદર્શક રહે તે માટેનો કાયદો ૨૦૧૩માં પસાર કર્યો છે. લોકોપયોગી આ કાયદો કેન્દ્રની કોંગ્રેસની સરકાર લાવી ત્યારે દરેક દિશાઓમાંથી આ કાયદાની પ્રશંસા થઈ હતી. કેન્દ્ર સરકારનો કાયદો બંધારણથી વિરુદ્ધ અને સુપ્રિમ કોર્ટની જોગવાઈઓથી વિરુદ્ધ રાજ્ય સરકારને બદલવાનો કોઈ અધિકાર જ નથી. આમ છતાં, કોંગ્રેસની કેન્દ્ર સરકારે આપેલો લોકોપયોગી કાયદો સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય અને અંગ્રેજોના સમયના જમીન સંપાદનના કાયદાથી પણ ખરાબ જોગવાઈઓ કરતો કાયદો ભાજપની ગુજરાતની સરકારે વિરોધપક્ષને સસ્પેન્ડ કરીને પસાર કર્યો છે.

નવા કાયદામાં ગુજરાતની સરકારે સબસેકશન-૨થી એવી જોગવાઈ કરી નાંખી છે કે, પહેલી દૃષ્ટિથી સામાન્ય માણસને ખબર જ ન પડે કે આ શું સુધારો છે, પરંતુ હકીકતમાં આ સુધારાથી ખૂબ મોટું નુકસાન તે રીતે થાય છે કે, ગુજરાત સરકારે નવા સુધારાની કલમ-૩થી મુળ કાયદાની કલમ-૧૦ પછી નવી કલમ-૧૦(ક) દાખલ કરી છે, જેમાં ખૂબ મોટા પ્રમાણમાં એવી જોગવાઈઓ કરી છે કે, સરકાર કે જાહેર ભાગીદાર કે ગૃહ નિર્માણ આવાસ જેવી અનેક બાબતો સાંકળી લઈને આ કામો માટે થતા જમીન સંપાદનમાં પ્રકરણ-II (Chapter-II) અને પ્રકરણ-III (Chapter-III)ની જે જોગવાઈઓ છે તે મૃતઃપ્રાય થઈ જાય. ખરા અર્થમાં નામદાર સુપ્રિમ કોર્ટે પોતાના જજમેન્ટમાં નવો કાયદો લાવવાનું જે સૂચન કર્યું અને તેને અનુરૂપ કોંગ્રેસની સરકાર જે નવો કાયદો લાવી તેનું ખૂબ મહત્ત્વનું હાર્દ એ Chapter-II અને Chapter-IIમાં રહેલું છે. Chapter-II એ સુનિશ્ચિત કરે છે કે સામાજિક અસરો (Social Impact) અને જાહેર હેતુ (Public Purpose)ની પૂરેપૂરી ચકાસણી થાય. ગુજરાત

સરકારના સુધારાથી સામાજિક અસરો (Social Impact) અને જાહેર હેતુ (Public Purpose) એ બંને કલમ-૧૦(ક) મુજબ થતા જમીન સંપાદનોમાં રહેશે જ નહીં, જે ખૂબ જ અન્યાયકર્તા છે.

પ્રકરણ-૩ એ સુનિશ્ચિત કરે છે કે, ખોરાકની સુરક્ષા જેમની જમીન જાય છે તેમની નિ^તિ કરવામાં આવે. કોંગ્રેસ સરકાર દ્વારા લવાયેલા કાયદાના ખૂબ ઉત્તમ પાસાની જોગવાઈઓ ગુજરાત સરકાર સંપૂર્ણ રીતે ખતમ કરી નાંખવા માંગે છે. જૂના એક સદી કરતાં વધારે સમયના અંગ્રેજોના વખતના લેન્ડ એક્વીઝીશન એક્ટ, ૧૮૯૪માં જે અન્યાયકર્તા જોગવાઈઓ હતી તેનાથી પણ ખરાબ પરિસ્થિતિ ગુજરાત સરકારના જમીન સંપાદનના કાયદાના સુધારાથી પેદા થવાની છે.

ગુજરાત સરકારે કલમ-૨૩માં સુધારો કરીને કલમ-૨૩(એ) જે દાખલ કરી છે, જેનાથી મુળ કાયદામાં ખાસ તપાસ કરવાની અને જેની જમીન જતી હોય તેના પૂરા અધિકારોનું રક્ષણ થતું હતું, તે દૂર કરીને કલેક્ટરોના હાથમાં વિશાળ સત્તાઓ આપી દેવામાં આવી છે, જેથી કરીને સામાન્ય ખેડૂત કે જમીન ધરાવનાર અભણ વ્યક્તિનો કોઈ આશરો જ રહેશે નહીં.

કેન્દ્ર સરકારના જમીન સંપાદન અને વ્યાજબી વળતર અંગેના ૨૦૧૩ના કાયદાની કલમ-૨૪થી ખૂબ સરસ જોગવાઈ એ કરવામાં આવી છે કે, કોઈની પણ જમીન જો પાંચ વર્ષ સુધી સંપાદન ન થઈ શકી હોય તો અથવા જમીન માટેનું વળતર ચૂકવી દેવામાં ન આવ્યું હોય તો એ સંપાદન પાંચ વર્ષ પછી નિરર્થક બને અને પછી જરૂર પડે તો સંપાદનની કાર્યવાહી નવેસરથી જ કરવી પડે. સરકાર ટ્રેઝરીમાં કે અન્ય જગ્યાએ નાણાં જુદા મૂકી રાખે, તો તેનાથી વળતર મળી ગયું છે, તેવું માની શકાય નહીં તેવી સ્પષ્ટ જોગવાઈ કેન્દ્રના કાયદામાં છે. આ જોગવાઈને સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કરવામાં આવી હતી અને પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન વર્સીસ હરખચંદ સોલંકીના કેસમાં (Reported in (2014) 3-SCC)માં સ્પષ્ટ કહ્યું છે કે, ટ્રેઝરીમાં પડી રહેલાં નાણાં જેની જમીન જાય છે તેને મળી ગયા છે તેમ માની શકાય નહીં અને કોઈપણ કોર્ટે સ્ટે આપ્યો હોય તો તેનાથી પાંચ વર્ષની મુદ્દતને કોઈ બાધ નડે નહીં. આમ, સુપ્રિમ કોર્ટે જેને વૈધતાનો સિક્કો મારી આપ્યો છે તેવી જોગવાઈથી વિરુદ્ધ રાજ્ય સરકાર કોઈ સુધારો કરી જ ન શકે. આમ છતાં, ગુજરાતની ભાજપ સરકાર કલમ-૨૪માં પરંતુક પછી નવો પરંતુક દાખલ કરીને એવી જોગવાઈ કરવા જઈ રહી છે કે, મનાઈ હુકમના કારણે જે મુદ્દત ગઈ હોય તે પાંચ વર્ષની મર્યાદામાં ગણાય નહીં અને ઉપરાંત કોઈ મુકરર કરેલા ખાતામાં વળતર જમા પડી રહેલું હોય તો તે મુદ્દતને બાકાત કરવામાં આવશે. આ પ્રકારનો સુધારો એ સુપ્રિમ કોર્ટના આદેશ અને કેન્દ્રીય કાયદાથી સંપૂર્ણ વિરુદ્ધનો છે અને જમીન ગુમાવનાર વ્યક્તિને જે મોટી રાહત કેન્દ્રીય કાયદાથી મળી છે તેના હાર્દને મારી નાંખનાર છે.

આ જ રીતે, કલમ-૩૧ની જોગવાઈઓમાં ૩૧(૧) દાખલ કરીને ગુજરાત સરકાર માત્ર ૫૦% ઉચ્ચક રકમ આપીને જમીન સંપાદન કરી શકવાનો અધિકાર લેવાની કેન્દ્રીય કાયદાથી સંપૂર્ણ વિરુદ્ધ જોગવાઈ કરી રહી છે, જે ખૂબ જ અન્યાયકર્તા છે. તેવી જ એક બીજી ખતરનાક જોગવાઈ કલમ-૪૦માં પેટા કલમ(૨)માં ગુજરાત સરકાર સુધારો કરીને આગળ વધી રહી છે. મૂળ કાયદામાં સ્પષ્ટ છે કે, સંસદની મંજૂરી એ જ શબ્દો છે, જ્યારે ગુજરાત સરકારના સુધારામાં સંસદની મંજૂરી સંપૂર્ણ ખતમ થઈ જાય તે રીતે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આપેલા "અથવા કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આપેલા આદેશોનું પાલન કરવા માટે" તે શબ્દો ઉમેરાયા છે. આનો અર્થ એ થયો કે, મૂળ કાયદામાં જે અધિકારો માત્ર સંસદના હતા તેનાથી વિરુદ્ધ જઈને કેન્દ્ર સરકારને

અધિકારો આપી દેવાનો રાજ્ય સરકારે સુધારો કર્યો છે, જે સુધારો કોઈપણ પ્રકારે રાજ્ય સરકાર કરી જ શકે નહીં. આ સુધારો બંધારણીય સત્તાઓ અને કાયદાથી વિરુદ્ધનો અલ્ટ્રાવાયર્સ સુધારો છે.

ગુજરાત સરકારે મૂળ કાયદાની કલમ-૪૬માંથી પેટા કલમ-૬ના સ્પષ્ટીકરણ ખંડ-ખમાં પેટાખંડ(૧)માં કમી કરવાનો સુધારો કરેલો છે. આવા આ સુધારાથી સમગ્ર કલમ-૪૬ની જોગવાઈઓ નિરર્થક બની જાય છે, કારણ કે, જો પેટાખંડ(૧) કમી કરવામાં આવે તો પછી પુનઃવસન અને પુનર્વસવાટ આ બંને જવાબદારીઓમાંથી જમીન સંપાદન કરનાર છટકી જાય અને જેથી કરીને લોકોપયોગી કેન્દ્ર સરકારનો કાયદો અર્થવિહીન બની જાય.

કેન્દ્ર સરકારે આપેલો જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતાનો કાયદો ખૂબ અસરકારક રીતે આપીને કલમ-૮૭માં એવી જોગવાઈ કરી છે કે, કોઈ સરકારના વિભાગ દ્વારા આ અધિનિયમ નીચે ગુનો કરવામાં આવ્યો હોવાનું સાબિત થાય તો વિભાગના વડાને સીધી જ શિક્ષા કરવાની અને તેમની વિરુદ્ધ કામ ચલાવવાની અને શિક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત સરકારે આ અસરકારક જોગવાઈ કલમ-૮૭ની છે, તેના બદલે નવી એવી જોગવાઈ કરી છે કે ગુનો કરનાર કોઈપણ વિભાગનો અધિકારી એ સિનિયર કક્ષાનો હોય તો એ ગુનેગાર જ ન બને. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૯૭ની જોગવાઈમાં તો વિભાગ નક્કી કરે તે નાનામાં નાના માણસને ગુનેગાર વિભાગ ઠેરવી શકે અને ત્યારપછી પણ જો કાર્યવાહી કરવાની હોય તો સરકારની મંજૂરી વગર તેની સામે કાર્યવાહી જ ન થાય. આમ, સમગ્ર કાયદાની અસરકારકતા અને ગંભીરતા ખતમ કરી નાંખવાની ગુજરાત સરકારે ચેષ્ટા કરી છે.

ગુજરાત સરકારે કેન્દ્ર સરકારે આપેલા અસરકારક કાયદાની જોગવાઈઓથી વિરુદ્ધના સુધારા કરતું જે વિધેયક ક્રમાંક-૫ વિધાનસભામાં પસાર કર્યું છે તે ગુજરાતના ખેડૂતો, જમીનોના માલિકો અને સામાન્ય માણસોને અન્યાયકર્તા તથા સંપૂર્ણ સત્તા વગરનું છે. કેન્દ્રીય કાયદામાં કાયદાથી વિપરીત સુધારાઓ કરવાની ગુજરાત સરકારને સત્તા જ નથી. સુપ્રિમ કોર્ટે આપેલા જજમેન્ટથી વિરુદ્ધની જોગવાઈ કોઈપણ વિધાનસભા કરી જ ન શકે. આ તમામ પરિસ્થિતિમાં ગુજરાત સરકારે સત્તાવિહોણું માત્ર ને માત્ર મોટા ઉદ્યોગપતિઓના લાભાર્થે સામાન્ય ગરીબ અને ખેડૂતોની જમીનો આસાનીથી અને યોગ્ય વળતર ચૂકવ્યા વગર પડાવી લેવાનું જે કાવતરું કર્યું છે તેનો કોંગ્રેસ પક્ષ વિરોધ કરશે. ગવર્નર સાહેબ આ વિધેયકને રાષ્ટ્રપતિશ્રીના વતી મંજૂરી આપી શકે નહીં, કારણ કે, કેન્દ્રના કાયદામાં કોઈ રાજ્ય સરકાર સુધારા કરે તો તેવા સુધારાને એસેન્ટ આપવાનો અધિકાર રાજ્યપાલશ્રી પાસે નથી રહેતો. કોંગ્રેસ પક્ષ રાજ્યપાલશ્રીને તથા રાષ્ટ્રપતિશ્રીને મળીને ગુજરાત સરકારના આ કાળા કાયદાને મંજૂરી ન આપવા રજૂઆત કરશે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરેલ છે.

Sunil Rami

**(સુનિલ રામી)**

અંગત મદદનીશ